જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૨/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૦૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૯૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૮૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૦૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૦૭/૨૦૨૫**

ઓઢવઃ સાવનભાઇ અનિલભાઈ દલસાણીયા (ઉ.વ.૨૬)(રહે.જીઓન સ્કાય ફિલ્ડ ડી.પી.એસ સ્કુલ રોડ, શીલજ) એ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ કઠવાડા જી.આઈ.ડી.સી સર્જન ઈન્ડસ્ટીયલ એસ્ટેટ શેડ નંબર–૮૭ માં "ઉમા એન્જીનીયરીંગ" નામની ફર્મમાં તથા જામનગર ખાતે આવેલ શ્રી લક્ષ્મી એન્ટરપ્રાઈઝ ખાતે આરોપી (૧) સાગર ઉર્ફે કેતન કારૂભાઈ નંદાણીયા (રહે.જામનગર) (૨) પાર્થ નિલેષભાઈ દુધાગરા (પટેલ)(રહે.શ્રીજીનગર ન્યુ પટેલ સમાજ રણજીતસાગર રોડ જામનગર) અને (૩)રાકેશ રમેશભાઈ સંઘાણી(પટેલ) એ ભેગામળી સાવનભાઇ તથા તેમના કૌટુંબિક ભાઈ રાજનને રૂબરૂ મળી વિશ્વાસમાં લઈ, તેમની ફર્મમાંથી બ્રાસ સ્ક્રેપના બે ઓર્ડર આપી સાવનભાઇ પાસેથી બ્રાસ સ્ક્રેપનો કુલ રૂપિયા ૪૯,૭૯,૦૭૪/– મતાનો માલ મેળવી લઇ, આજદિન સુધી માલના રૂપિયા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૮૦૮/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ વિરેશ્વર સ/ઓ રતનચંદ્ર જોષી (ઉ.વ.૬૦)(રહે.મંગલમ નિર્વાણા–૨, ઉમીયા કોલેજની બાજુમાં, ઉગતીધામની સામે, સોલા) એ તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૫ સાંજના ૪/૦૦ થી તા.૧૮/૧૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ગેસ્ટ રૂમની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ડ્રોવરમાંથી સોનાના દાગીના, ઘડિયાળ નંગ–૩ અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૩૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૮૦૯/૨૦૨૫**

શાહપુરઃ શાહપુર દિલ્લી ચકલા ભોંઈવાડો ઘંટી પાસે રહેતા સુંદરભાઈ રાજુભાઈ દાતણીયા નાઓની ૧૩ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

ગોમતીપુરઃ જાવેદઅહેમદ મકસુદઅહેમદ અંસારી (ઉ.વ.૨૬)(રહે.ગોમતીપુર નુરભાઇ ધોબીની ચાલી) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૫ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાહુલભાઇ પ્રહલાદભાઇ ચલાવે છે.

રામોલઃ લલીતાબેન ડો/ઓ જુવાનસિગ મુસાનીયા (ઉ.વ.૨૧)(રહે.મેટ્રોપાર્ક નવી બનતી સાઇડ રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા મેટ્રોપાર્ક નવી બનતી સાઇડના "સી" બ્લોકના નીચે આવેલ પતરાના શેડમાં લગાવેલ લોખંડના સળિયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હરેશભાઇ મથુરભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ આશીષભાઇ અબ્દુલ રસીકભાઇ શેખ (ઉ.વ.૨૪)(રહે.ચીરાગ પાર્ક, વિભાગ–૧, ફૈસલનગર, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૫ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી